ગુજરાત સરકાર, શ્રમ અને રોજગાર વિભાગ

કમિશ્નરશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર સંચાલિત

# જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર.

જોરાવર પેલેસ,બહુમાળી ભવન, પાલનપુર–૩૮૫૦૦૧.

website : www.talimrojgar.org, email : dee-ban@gujarat.gov.in

---

ક્રમાંકઃપારોવિ/વી.જી./કે.કો./ 32304થી 32372(69) /૨૦૧૭ તા. ૦૭/૧૨/૨૦૧૭

વિષય: "કેરીયર કોર્નર" ના પત્રકો સમયસર રજૂ કરવા બાબત.

પરિપત્ર :-

શાળા/કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસકાળ દરમિયાન યોગ્ય કારકિર્દી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુથી રોજગાર અને તાલીમ ખાતા દ્વારા "કેરિયર કોર્નર" ની યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના અંતર્ગત "કેરિયર કોર્નર" ધરાવતી શાળા/કોલેજે પોતાના કારકિર્દી શિક્ષક મારફતે મહિનામાં ચાર તાસ કારકિર્દી માર્ગદર્શન માટે ફાળવી દર માસે નિયત કરેલ પત્રકમાં તેની માહિતી આ કચેરીને મોકલવાની થાય છે. આ કામગીરી બદલ સંબંધિત કારકિર્દી શિક્ષકને તેમણે લીધેલ વ્યાખ્યાન(તાસ) દિઠ માનદવેતન આ કચેરી દ્વારા ચૂકવવામાં આવે છે.

પરંતુ, કેટલીક શાળા/કોલેજો દ્વારા આ અંગેની માહિતી નિયત પત્રકમાં સમયસર અત્રે ન મોકલતા હોવાથી આ અંગેનાં ચૂકવણાં વિલંબિત થાય છે. વધુમાં, સરકારશ્રીની સૂચનાનુસાર આ અંગેના તમામ ચૂકવણાં સીધે-સીધાં લાભાર્થીના બેંક ખાતામાં કરવાનાં હોઈ જે કારકિર્દી શિક્ષકોએ તેમના બેંક ખાતાની માહિતી (પાસબુકના પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ ચેક), પાનકાર્ડ તથા આધારકાર્ડની નકલ આ કચેરીની હિસાબી શાખાને રજૂ કરેલ ન હોય તેમણે સત્વરે ઉલટ ટપાલથી અથવા રૂબરૂ આ અંગેની માહિતી મોકલી આપવા અને દર માસ અંતિત "કેરિયર કોર્નર" અંગેના પત્રકો સમયસર મોકલી આપવા તમામ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.

રોજગાર અધિકારી(જનરલ)
પાલનપુર

ક્રમાંક: માધ્ય.૩/૨૦૧૭/૨૨૦૮૪૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા. ૨૩/૧૨/૨૦૧૭

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા. શાળાઓ તમામ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.